ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૩૨/૨૦-૨૧/ 3750 તારીખ : 28 OCT 2020

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**મહંમદહુસેન અલ્લાદીન,**
ગુરૂકુળ સામે, વાડીમાં,
**મું. પાલીતાણા,**
જી. ભાવનગર.
**મો.નં.**

કેસ નં.૩૨/૨૦-૨૧

**વિષય : પાવર સપ્લાય મેઈન્ટેનન્સ તથા વિજતાર ખેંચવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૩/૦૮/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૧/૦૮/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૨/૨૦-૨૧/૩૧૭૭ તા.૧૪/૦૯/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૨/૨૦-૨૧/૩૪૯૨ તા.૦૮/૧૦/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૦/૧૦/૨૦૨૦** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:- ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ
વિભાગીય કચેરી, **પાલીતાણા.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, શહેર પેટા વિભાગીય કચેરી, **પાલીતાણા.**

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૩૨/૨૦–૨૧**

વાદી :– **મહંમદહુસેન અલ્લાદીન,**

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**રજુઆતની તારીખ:– તા.૨૦/૧૦/૨૦૨૦**

હાજર રહયા :– **મહંમદહુસેન અલ્લાદીન – (વાદી હાજર રહેલ નહી)**

પ્રતિવાદી :– **શ્રી .એસ. એચ. રાઠોડ,કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી,પાલીતાણા. (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

મહંમદહુસેન અલ્લાદીન, મું.પાલીતાણા, જી.ભાવનગર ની પાવર સપ્લાય મેઈન્ટેનન્સ તથા વિજ તાર ખેંચવા અંગેની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૩૨/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી,વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૨/૨૦–૨૧/૩૧૭૭ તા.૧૪/૦૯/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા <u>તા.૨૦/૧૦/૨૦૨૦</u> નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી મહંમદહુસેન અલ્લાદીન હાજર રહેલ નહી તથા પ્રતિવાદી તરફે શ્રી .એસ. એચ. રાઠોડ,કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી,પાલીતાણા, ઉપસ્થિત રહેલ.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

☞ <u>વાદીશ્રીની રજુઆતઃ</u>– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૧.૧ અમો અરજદારની વાડીમાં તા.૩૦/૭/૨૦૨૦ ના રોજ જોળો નીચો આવેલ તે બાબતે તા.૧/૮/૨૦૨૦ ના રોજ પાલીતાણા ટાઉન ના કોન્ટ્રાકટરો આવી જોળો ઉચો કરી આપેલ.

૧.૨ આ જોળો ઉચો કરવાથી આગળના થાંભલાના વાયર ઢીલા પડતા, અમારે ખેતી કરવા માટે ટ્રેકટર, બળદ ગાડુ, લાવવું હોય તો, લાવી શકીએ તો આપ સાહેબને વિનંતી છે કે, આ ગાળો ખેંચી આપવા નમ્ર વિનંતી છે. વાયર નીચે બાજરીના ઝાડ વાયરને અડવાથી મોટા ભયંકર અકસ્માત સર્જાય તેવી ભીતી છે.

૧.૩ અમો અરજદારે ઘણી વખત આપ સાહેબને જણાવેલ કે, અમારી વાડીમાં એલ.ટી.લાઈન છે. જે બાજુની વાડી માં પાવર જાય છે અને તે વાડીમાં ૧૧ કે.વી.માંથી લાઈન આપેલ છે, જે હાલચાલુ છે. આપ સાહેબને નમ્ર વિનંતી કે, આ લાઈનના અમારી વાડીમાં છેલ્લા થાંભલા ઉપર આંચકો નાખેલ છે, તે બાજુના જમીનવાળા વારંવાર આંચકો કાઢી નાખવાથી જોળો નીચે આવે છે અને ભયંકર અકસ્માત થવાની પૂરેપૂરી શકયતા છે. આ લાઈન બંધ કરીને જે બાજુની વાડીમાં ૧૧ કે.વી.માંથી કનેકશન આપેલ છે. તેમાંથી સરળતાથી આપી શકાય તેમ છે અને ભયંકર અકસ્માતને પણ રોકી શકાય તેમ છે. અને પીજીવીસીએલ ને એરીયલ બંચ કેબલ હાલ ચાલુ લાઈનમાં છે તો તે જ એ.બી.સી. કેબલ નાખી ભયંકર અકસ્માત ને રોકી શકાય તેમ છે.

૧.૪ અમારૂં ગ્રાહક નંબર–૩૭૪૦૧/૦૮૫૫૪/૨ જે અલાઉદીન ગગજીભાઈ ખોજાના નામનું કનેકશન છે જે હાલમાં પણ ચાલુ છે. આ લાઈન ટી.સી. માંથી બહુજ લાંબી હોવાથી પાવર લોડ બરાબર મળતા ન હોય, તેથી અમારી બાજુની વાડીમાં આવેલ ફીડર ખાલી ૨૦૦ ફુટ દૂર આવેલ હોય, તેથી અમારૂં કનેકશન ઘણું દૂર હોવાથી, પાવર લોડ હોવાથી વી.આર.ઓછા મળવાથી અમારી મોટરને ઘણો લોડ પડે છે. તો અમો અરજદાર અરજ કરીએ છીએ કે આપ સાહેબ તપાસ કરીને અમારી વાડીની બાજુમાં ૧૧ કે.વી. ના કનેકશનમાંથી મોટું ટી.સી.નાખીને અમો અરજદારને કનેકશન આપવા અરજ છે. તેમાં થાંભલા કે જોળો નાખવાની પણ જરૂર નથી. કારણ કે, અમારૂં કનેકશન ૨૦૦ ફુટ ના ગાળા ઉપર છે.

૧.૫ અમારૂં જયોતિગ્રામ બિનખેતી હોવાથી કનેકશન છે અને આ લાઈન ભાવનગર રોડ ઉપરથી આવે છે. અને ખેતીવાડી એલ.ટી. લાઈન તેજ પોલ ઉપર થઈને જયોતિગ્રામ પાવર આવે છે અને આ બંને લાઈન ભેગી થાય છે. અને ભયંકર અકસ્માત થાય તેવી પરિસ્થીતી છે, અને રીપેરીગ કરવું હોય ત્યારે બંને લાઈન બંધ કરવી પડે છે. ત્યારે બંને લાઈન બંધ કરવાથી ગ્રાહકોને વિજળી વિના રહેવુ પડે છે.

૧.૬ અમારી વાડીની ઉતર બાજુ જયોતિગ્રામ કનેકશન અને ખેતીવાડી કનેકશન બંને એક જ પોલ ઉપર જાય છે. તેથી ખેતીવાડી કનેકશન તેમની વાડીમાં ૧૧ કે.વી.માંથી એલ.ટી. કરેલ હોય તો, તેનાથી ભયંકર અકસ્માત દૂર થાય તેમ છે. આ બે લાઈન વચ્ચે ઈન્ડકશન થવાથી તે કામ કરતા કર્મચારી માટે પણ ખૂબ હાનીકારક સાબિત થાય છે. અને આ બંને લાઈન ભેગી હોવાથી જોળો નીચે આવતા આપશ્રીના કર્મચારીને અકસ્માતનો ભય લાગતા અમારો જોળો બરાબર રીતે ખેંચી આપતા નથી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

૧.૭ આપ સાહેબશ્રી ને આ કોઈ અકસ્માત દૂર કરવો ન હોય તો બાજુની વાડી વાળાએ ૧૫ જયોતિગ્રામ કનેકશન ગેરકાયદેસર બિનખેતી ન હોવાથી લઈ લીધેલ છે તે કાપવાથી પણ અકસ્માત દૂર થાય તેમ છે અને આપના કર્મચારીને પણ ઈન્ડકશન થવાથી ભયંકર અકસ્માત રોકી શકાય.

☛ **પ્રતિવાદીશ્રીની રજૂઆતઃ– તેમની રજૂઆત છે કે,**

૨.૧ મુદા નં–૧ સદર ગ્રાહકની ફરીયાદનું નિરાકરણ કરેલ છે. જે બાબતે ગ્રાહકે લેખિતમાં આભાર માનતો પત્ર લખેલ છે.

૨.૨ મુદા નં–૨ અને ૩ ફરીયાદમાં જણાવેલ વિજ પોલ આશરે ૪ થી ૫ મહિના પહેલા ભાંગી ગયેલ અને વાદી દ્વારા સદર થાંભલો બરોબર શેઢાની વચ્ચે નાખવામાં આવેલ અને બાજુની વાડી વાળા દ્વારા સદર સ્થળ પર આંચકો નાખવા દીધેલ નહી. વધુમાં, વાદી દ્વારા પણ મૂળ જગ્યાએ થાંભલો ઉભો કરવાની ના પાડેલ જેથી શેઢા ઉપર થાંભલો ઉભો કરી આંચકો મારેલ નથી. અને સદર ગાળો આશરે ૭૦ મીટરનો છે. વધુમાં, આપ સાહેબશ્રીને જણાવવાનું કે સદર થાંભલો જાડીઓ વચ્ચે ઉભો કરેલ છે. અને તે વાડીની બિન ઉપજાઉ અને પડતર જગ્યામાં છે અને હાલમાં ખેતીવાડી માં નડતર રૂપ પણ નથી. તેમ છતાં, વાદી દ્વારા સદર થાંભલાની વચ્ચે બીજો થાંભલો ઉભો કરવાની જગ્યા બતાવવામાં આવે તો સદર ફરીયાદનું નિરાકરણ ચોકકસ પણે આવી શકે તેમ છે.

૨.૩ મુદા નં–૪ તમો દ્વારા ગ્રાહક નંબર–૩૭૪૦૧/૦૮૫૫૪/૨ થી અલાઉદીન ગગજીભાઈ ખોજાના નામે છે. આ લાઈન ટી.સી.થી બહુજ લાંબી આશરે ૫૦૦૦ ફુટ હોવાથી રજૂઆત કરવામાં આવેલ છે. નાયબ ઈજનેર, પાલીતાણા શહેર દ્વારા સ્થળ તપાસ કરતા આ વિજ લાઈન આશરે ૮૫૦ મીટર જ છે.

આ લાઈન ખૂબ જ લાંબી હોવાથી વી.આર.ઓછા મળે છે, તેવું જણાવેલ છે. જેના સંદર્ભે આપ સાહેબને જણાવવાનું કે, વાદીશ્રી ના પછીના ગ્રાહક શ્રી રણછોડભાઈ દયાળભાઈ નાકરાણી ના ખેતીવાડી વિજ કનેકશન ના વોલ્ટેજ ચકાસતાં, કોઈ પણ જાતનો લો વોલ્ટેજ જોવા મળેલ નથી અને આ બાબતે તેઓશ્રી દ્વારા લેખિતમાં પણ બાંહેધરી આપેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે. વધુમાં, સદર સ્થળ પર ખેતીવાડી વિજ જોડાણ ના વોલ્ટેજ તા.૧૯/૧૦/૨૦૨૦ ના રોજ ચકાસતાં,

(૧) રણછોડભાઈ દયાળભાઈ ના વિજ કનેકશન ના વોલ્ટેજ તપાસતા,

RY ફેઈઝ–૪૨૬, YB ફેઈઝ–૪૨૩, BR ફેઈઝ–૪૧૮,

(૨) મૂળજીભાઈ દયાળભાઈ ના વિજ કનેકશન ના વોલ્ટેજ તપાસતા,

RY ફેઈઝ–૪૪૮, YB ફેઈઝ–૪૩૭, BR ફેઈઝ–૪૨૮,

(૩) અલાઉદીન ગગજીભાઈ ખોજા ના વિજ કનેકશન ના વોલ્ટેજ તપાસતા,

RY ફેઈઝ–૪૪૧, YB ફેઈઝ–૪૩૨, BR ફેઈઝ–૪૩૯,

આવેલ છે. જે પીજીવીસીએલ ની માન્ય મર્યાદામાં અને બરાબર માલૂમ પડેલ છે. સદર ફરીયાદ વાળી જગ્યાના વી.આર.ચકાસતાં, તે પણ કંપનીના માન્ય મર્યાદામાં છે. જેની નકલ આ સાથે સામેલ છે. આમ, ઓછા વોલ્ટેજ મળવાની રજૂઆતમાં તથ્ય વિહોણી જણાય છે.

૨.૪ મુદા નં–૫ અને ૬ ઉપરોકત મુદાની ફરીયાદ ના અનુસંધાને નાયબ ઈજનેર, પાલીતાણા શહેર પેટા વિભાગીય કચેરી દ્વારા સ્થળ પર રૂબરૂ તપાસ કરતાં,ત્યાં ડી.પી ના એક પોલ ઉપર જયોતિગ્રામ અને બીજા પોલ ઉપર ખેતીવાડી નો પાવર હતો. વધુમાં સદર ડી.પી ના બંને પોલ ઉપરથી ભાંગેલ છે. જે તે સમંયે સદર વિજ લાઈન માં કામચલાઉ માટે નાંખેલ હતો. હાલમાં, નવા વિજ પોલ નાંખીને ખેતીવાડી તેમજ જયોતિગ્રામ બંને વિજ લાઈન ના અલગ અલગ વિજ પોલ નાંખીને બંને લાઈન અલગ કરી આપેલ છે. બંને વિજ લાઈન અલગ અલગ થઈ ગયેલ હોવાથી, હવે ઈન્ડકશન નો કોઈ પ્રશ્ન ઉપસ્થિત રહેતો નથી.

૨.૫ મુદા નં–૭ ઉપરોકત મુદાની ફરીયાદ ના અનુસંધાને નાયબ ઈજનેર,પાલીતાણા શહેર પેટા વિભાગીય કચેરી દ્વારા સ્થળ પર રૂબરૂ તપાસ કરતાં, ખેતીવાડીની જમીનમાં ૧૫ વિજ કનેકશન જયોતિગ્રામ પરથી આપેલ તેવું કોઈ તથ્ય જણાયેલ નથી.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

☞ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજૂઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી મહંમદહુસેન અલાઉદીન પાલીતાણામાં ખેતી વિજ જોડાણ ધરાવે છે.

૩.૨ વાદીએ ફોરમને રજૂઆત કરેલ છે કે, તેની વાડીમાંથી પસાર થતી લાઈન નો ગાળો લાંબો હોઈ, લુઝ વાયર રહે છે. તેમજ તેને લીધે અકસ્માત થવાનો ભય રહે છે. તેમજ વાદીની વિજ જોડાણ માટેની LT લાઈન ટ્રાન્સફોર્મરથી ખૂબ જ દૂર હોઈ, વાદી ને પૂરા વોલ્ટેજ મળતા નથી. તેમજ વાદીની જગ્યા પરથી પસાર થતી LT લાઈન ને લાઈન માં કેબલ નાંખવો.

૩.૩ વાદીએ ફોરમને કરેલ રજૂઆતને ધ્યાનમાં લઈ, પ્રતિવાદી એ વાદીની વાડીમાં ૧ વધારાનો થાંભલો ઉભો કરવા માટે માણસો મોકલેલ. પરંતુ, વાદીએ થાંભલો ઉભો કરવાની ના પાડેલ, તેથી વાદીએ LT લાઈન નો ૭૦ મીટરના ગાળામાં એરીયલ અન્ય કેબલ નાંખી વાદીની ફરીયાદ નું નિવારણ લાવેલ.

૩.૪ પ્રતિવાદી એ તા.૧૯/૧૦/૨૦૨૦ ના રોજ વાદીના ખેતીવાડી ગ્રુપ ના જુદા જુદા ૩ વિજ ગ્રાહકોના વોલ્ટેજ માપેલ. જેમાં, R,Y અને B ફેઈઝ માં ૪૨૬ વોલ્ટેજ થી ૪૪૧ વોલ્ટેજ LT સાઈડ માં માલૂમ પડેલ. આમ, વાદીની ઓછા વોલ્ટેજ મળવાની કરેલ રજૂઆત સાચી જણાતી નથી.

૩.૫ પ્રતિવાદી એ એક જ પોલ ઉપરના ૨ ૧૧ કે.વી.ફીડર (જયોતિગ્રામ અને ખેતીવાડી) ને નવા પોલ ઉભા કરી બન્ને ફીડર જુદા કરેલ છે. જેથી, અકસ્માત કે ઈન્ડકશન નો ભય રહે નહી.

૩.૬ વાદીએ કરેલ રજૂઆતને ધ્યાનમાં લઈ, પ્રતિવાદી ને સૂચના આપવામાં આવે છે કે, બીજી તાંત્રિક શકયતાઓ તપાસીને અને શકય હોઈ તો, વાદી ના ખેતીવાડી ગ્રુપ ની LT લાઈન નું બાયફરકેશન કરી આપવું.

૩.૭ તા.૧૩/૧૦/૨૦૨૦ ના વાદી એ લખેલ પત્ર મુજબ તેઓ ફોરમ સમક્ષ હાજર થઈ શકે તેમ નથી. તેમજ વાદીએ કોઈ પછીની મુદત માંગેલ નથી. આથી, વાદી તેમજ પ્રતિવાદી ની રજૂઆત ને ધ્યાનમાં રાખવામાં આવે છે અને હવે ફોરમે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. કારણ કે, વાદી ની ફરીયાદ નું નિરાકરણ પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ છે.

## —:: હુકમ ::—

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અન ઉપરના તારણો પરથી તારણ નં." ૩.૬ અને ૩.૭ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિંવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે એમ મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(પી. એલ. બજાકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :— <u>૨૦/૧૦/૨૦૨૦</u>